ભાજપ શાસિત પાલનપુર પાલિકાના સેનિટેશન ચેરમેનના વિસ્તારમાં જ ગંદકીનું સામ્રાજ્ય

ભૂગર્ભ ગટરની લાઈન તૂટી જતા પાણી જાહેર માર્ગો પર રેલાયા

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં શહેરમાં ચારે તરફ ગંદકીનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હોવાની બુમરાણ મચી છે. પાલનપુર

નગરપાલિકાના સેનિટેશન વિભાગના ચેરમેનનો વિસ્તાર જ ગંદકીમાં ગરકાવ જોવા મળી રહ્યો છે. ભૂગર્ભ ગટરની કામગીરી કરતાં ગંદા પાણીની પાઈપલાઈન તૂટી હતી. જેને પગલે ગંદુ પાણી જાહેર માર્ગો પર ઉભરાતા ઠેરઠેર ગંદકી જોવા મળી રહી છે.

પાલનપુર શહેરના ઠેરઠેર વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે ડોર ટુ ડોર કચરાના નિકાલની વાત પણ અભરાઈ પર છે. ત્યારે જો પાલનપુર નગરપાલિકાના સેનિટેશન વિભાગના ચેરમેનના ઘરથી માત્ર થોડા અંતરે ગંદકીનું સામ્રાજ્ય હોય તો પાલનપુર શહેરની પરિસ્થિતિ શું હશે? તે સમજી શકાય છે.

સેનિટેશન ચેરમેને પોતાના બચાવમાં જી.યુ.ડી.સી ને નોટીસ આપી દઈશ એવું જણાવ્યું હતું. ગંદા પાણીના અસહ્ય વાસના લીધે લોકો પણ ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે હવે સેનિટેશન ચેરમેન નોટિસ આપવાનું રટણ કરી અને છટકબારી શોધી રહ્યા હોવાનો ઉભરો સ્થાનિકોએ ઠાલવ્યો હતો.

ડીસા પાલિકાનો આંતરિક અસંતોષ ડામવાની કવાયત

માર્કેટયાર્ડ ખાતે ભાજપની ડેમેજ કન્ટ્રોલ બેઠક : નારાજ જૂથ અને પ્રમુખની રજૂઆત સાંભળી

બનાસકાંઠા જિલ્લાની ભાજપ શાસિત ડીસા નગરપાલિકાના ૧૩ સભ્યોએ તેમના હોદ્દા પરથી રાજીનામું આપતા છવાયેલ ગજગ્રાહ વચ્ચે દોડી આવેલ ભાજપ મોવડી મંડળ દ્વારા ડેમેજ કંટ્રોલ માટે બેઠક યોજાઈ હતી જેમાં ભાજપના મોવડી મંડળના સભ્યોએ બંને પક્ષોની રજુઆતો સાંભળી હતી.

ડીસામાં ભાજપ શાસિત નગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી આંતરિક વિખવાદ વધી ગયો હતો અને આ આંતરિક વિખવાદ સપાટી આવતા જ વિરોધી જૂથના તેર સભ્યોએ તેમના હોદ્દા પરથી રાજીનામાં ધરી દીધા હતા. ડીસા નગરપાલિકા પ્રમુખ શિલ્પાબેન માળી, ભાજપના જ સભ્યોની રજૂઆત ન સાંભળતા, તેમના વિસ્તારમાં વિકાસના કામો ન કરતા અને મનસ્વી પણે વહીવટ ચલાવતા હોવાના આક્ષેપો સાથે ભાજપના ૧૧ અને અપક્ષના બે

મળી કુલ ૧૩ સભ્યોએ શહેર ભાજપ પ્રમુખને રાજીનામા ધરી દીધા હતા તે બાદ ભાજપ મોવડી મંડળ દ્વારા ગઈકાલે ડીસા એપીએમસી ખાતે નારાજ જૂથને મનાવવા માટે બેઠક યોજાઈ હતી જેમાં મહેસાણા જિલ્લા ભાજપ મહામંત્રી અશોક ચૌધરી અને સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ જે ડી પટેલે બન્ને પક્ષની રજુઆત સાંભળી આંતરિક અસંતોષ ડામવાની કવાયત હાથ ધરી હતી.

ડીસાના વેપારીની માનવતા...

ડીસાના એક વેપારીએ સેનાના જવાનોને મદદ કરી માનવતા અને દેશભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે ડીસા ખાતે રહેતા વાસુભાઈ મોઢ મંડપના વ્યવસાય સાથે સંકળાયેલા છે થોડા સમય અગાઉ એસ.આર.પી.ગ્રુપ-૫ ગોધરાના જવાનો અમદાવાદનો બંદોબસ્ત પૂરો કરી પરત ગોધરા જતા હતા ત્યારે તેઓની સરકારી ગાડીને થયેલ અકસ્માતમાં જવાનોએ પોતાના હાથ પગ ગુમાવેલ છે ત્યારે આવા જવાનોને આર્થિક મદદ માટે વાસુભાઈ મોઢ (સાવિત્રી મંડપવાળા) તરફથી સિવિલ હોસ્પિટલ વડોદરા ખાતે રૂ.૨૫૦૦૦-નો ચેક ભોગ બનનાર જવાનોને આપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

પાલનપુરમાં નાઈ સમાજનો ૧૧મો સમૂહ લગ્ન સમારોહ યોજાયો

પાલનપુર

બનાસકાંઠાના પાલનપુર શહેરમાં નાઈ સમાજનો ૧૧મો સમૂહ લગ્ન સમારોહ યોજાયો હતો.જેમાં ૪૨ નવ દંપતીએ પ્રભૂતામાં પગલા પાડ્યા હતા.

આજના સમયમાં લોકો દેખાદેખીમાં લગ્ન પ્રસંગમાં મોટા પ્રમાણમાં ખર્ચ કરી નાણાંનો ખોટો ખર્ચ કરતા હોય છે.જેથી સમાજના લોકોને નાણાંનો વધૂ ખર્ચ ન થાય અને એક સાથે સમાજની દિકરીઓના લગ્ન થાય તે માટે ધાણધાર જુથ નાઈ સમાજ અને શ્રી લિંબાચીયા કર્મચારી મિત્ર મંડળ છેલ્લા ૧૧ વર્ષથી સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવે છે.તેજરીતે આજરોજ પાલનપુર લક્ષ્મીપુરા પટેલ સમાજની વાડીમાં નાઈ સમાજનો ૧૧મોં સમૂહ લગ્ન સમારોહ યોજાયો હતો.જેમાં ૪૨ નવ દંપતીએ પ્રભૂતામાં પગલા પાડ્યા હતા.આ પ્રસંગે પૂર્વ મંત્રી હરિભાઈ ચૌધરી,બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, પાલનપુરના ધારાસભ્ય મહેશભાઇ પટેલ સહીતના આગેવાનો ઉપસ્થિત રહી નવ દંપતીને આશિર્વાદ આપ્યા હતા.

મોડાસામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ટ્રેનર શિબિર ઓઘારી મંદિર પરિસરમાં યોજાય છે

આ યોગ ટ્રેનરની શિબિરમાં મોટી સંખ્યામાં ટ્રેનિંગ માટે શિબિરાર્થીઓ ભાગ લે છે જેઓને યોગના આસનો, પ્રાણાયામ, કસરત ,અંગેની પદ્ધતિસરની તાલીમ અને માર્ગદર્શન અપાય છે. આ શિબિરને યોગ કોચ જયેન્દ્ર ભાઈ મકવાણા, પ્રો વસંતભાઈ શાહ, તેમજ ડો હરિભાઈ પટેલ, દ્વારા સુંદર આગવી શૈલીમાં યોગ ટ્રેનિંગ અપાય છે જેનાથી ટ્રેનિંગ અર્થે આવતા શિબિરાર્થીઓ સંતોષ સાથે આનંદની લાગણી અનુભવે છે.

પાલનપુરના સોનબાગ વિસ્તારમાં પરપ્રાંતીય યુવકનો મૃતદેહ મળ્યો

પાલનપુરના સોનબાગ વિસ્તારમાં ઉત્તર પ્રદેશના યુવકનો મૃતદેહ મળતાં લોકોના ટોળેટોળાં એકત્ર થયા હતા. ઉત્તર પ્રદેશનો મૂળ રહેવાસી ભરત ભૈયા સોનબા વિસ્તારમાં મકાન ભાડે રાખીને રહેતો હતો ગતરાત્રે અચાનક યુવકનું મોત થયું હતું. ત્યારે વહેલી સવારે ઘરનો દરવાજો ન ખુલતા આસપાસના રહીશોએ જોયું તો ભરત ભૈયા નો મૃતદેહ પડ્યો હતો.

જોકે પાલનપુર પોલીસે આ વિસ્તારમાં આ રહેણાંક મકાનમાં પહોંચી અને યુવકના મૃતદેહને પીએમ અર્થે પાલનપુર સિવિલમાં લવાયા હતા. અને મૃતદેહને મળવાને મામલે પૂર્વ પોલીસે તપાસ હાથ ધરી હતી. પરપ્રાંતીય યુવકનો મૃતદેહ મળતા અનેક શંકા-કુશંકાઓ ઉપજી હતી.

જો કે ઘર ભાડે આપનાર એ આ યુવકનું પોલીસમાં નામ સરનામું ઓળખ આપી હતી કે કેમ અથવા તો તે સિવાય પણ આ યુવકને ઘર ભાડે આપી દેવાયું હતું જોકે પાલનપુર પોલીસે અત્યારે તો તપાસ હાથ ધરી છે.

પાલનપુર નગરપાલિકાના કચરા કલેકશનમાં ૨.૪૦ કરોડનું કૌભાંડ

નગરપાલિકાના ભાજપના પૂર્વ પ્રમુખ અને વર્તમાન સદસ્ય દ્વારા કમિશ્નરને લેખિત રજૂઆત કરવામાં આવતાં ખળભળાટ

ટેન્ડરમાં બિન જરૂરી શરતો રાખવામાં આવી

ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ હોવો જોઈએ, પંદર ટ્રેકટર, પંદર ટેમ્પા ફરજીયાત હોવા જોઈએ, છેલ્લા ત્રણ વર્ષનું ટર્ન ઓવર ઓછામાં સરેરાશ આઠ કરોડ હોવું જોઈએ, કોન્ટ્રાકટર પાસે ૧૦૦ લેબર લાયસન્સ ફરજીયાત હોવું જોઈએ. ઈજારદારે ત્રણ કરોડનું ચાલુ વર્ષનું સોલવન્સી સર્ટીફીકેટ બીડવાનું રહેશે.

પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અને તત્કાલિન ચિફ ઓફિસર દ્વારા ડોર ટુ ડોર ઘન કચરા કલેકશન તેમજ ઓપન સ્પોટો ઉપરથી કચરો – ગંદકી નિકાલ કરવાની કામગીરીમાં રૂપિયા ૨,૪૦,૦૦,૦૦૦નું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો ઉઠવા પામ્યા છે. આ અંગે નગરપાલિકાના ભાજપના પૂર્વ પ્રમુખ અને વર્તમાન સદસ્ય દ્વારા મ્યુનિસિપાલિટી કમિશ્નરને લેખિત રજૂઆત કરી કૌભાંડીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ નાણાંની વસુલાત કરવાની માંગણી કરવામાં આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પાલનપુર નગરપાલિકાના ભાજપના પૂર્વ પ્રમુખ અને વર્તમાન સદસ્ય અમૃતભાઈ ચુનીલાલ જોષીએ ગાંધીનગર મ્યુનિસિપાલીટી કમિશ્નરને કરેલી રજૂઆતમાં આક્ષેપો કરતાં જણાવ્યું છે કે, પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અશોક ઠાકોર અને તત્કાલિન ચિફ ઓફિસર પંકજ બારોટે તારીખ ૦૧-૦૧-૨૦૧૯ ૧-૧-૨૦૨૦ દરમિયાન દરબાર વેસ્ટ કોર્પોરેશનને ડોર ટુ ડોર ઘન કચરા કલેકશન તેમજ ઓપન સ્પોટો ઉપરથી કચરો – ગંદકી નિકાલ કરવાની કામગીરી આપવામાં આવી હતી. જોકે, આ કામગીરી આજ કોન્ટ્રાકટરને મળે તે માટે ટેન્ડરમાં નોટિસમાં ખોટી અને જરૂરીયાત ન હોય તેવી ૬૫ શરતો રાખી તે શરતોનો ભંગ કરી રૂપિયા ૨,૪૦,૦૦,૦૦૦નું કૌભાંડ આચરવામાં આવ્યું છે.

અધધપ૩.૬૬ કરોડનું વાર્ષિક બીલ

નગરપાલિકામાં અગાઉ આ કચરો ઉપાડવાનો માસિક એવરેજ ખર્ચ રૂપિયા ૧૦,૫૦,૦૦૦ થતો હતો. જે એક વર્ષનો રૂપિયા ૧,૨૬,૦૦,૦૦૦ થતો હતો. જોકે, વર્તમાન સમયે માસિક બીલ રૂપિયા ૩૧ લાખ જેટલું બનાવવામાં આવે છે. જે વાર્ષિક ગણવામાં આવે તો રૂપિયા ૩,૬૬,૦૦,૦૦૦ કરોડ થાય છે. આમ અગાઉ કરતાં રૂપિયા ૨,૪૦,૦૦,૦૦૦ કરોડનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે.

કઇ રીતે કૌભાંડ આચરાયું ?

ભાવ પત્રક ભરનાર એજન્સી પાસે પોતાના ૨૦૧૬ કે પછીના ૧૫ ટેમ્પા, ૧૫ ટ્રેકટર ફરજીયાત હોવા જરૂરી છે. ટેન્ડરમાં તેવી શરત રખાઇ હતી જેને કારણે અન્ય કોઇ કોન્ટ્રાકટર ટેન્ડર ભરી ન શકે તેમજ કોઇ ભાડાના વાહનો પણ ન રાખી શકાય તેવી પણ શરત રખાઇ હતી. જોકે, કોન્ટ્રાકટર દ્વારા ૧૦ સાધનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં ફકત એક સાધન તેમની માલિકીનું છે. બાકીના નવ સાધન ભાડેથી રાખવામાં આવ્યા છે. તેમજ નગરપાલિકાની માલિકીના ૧૨ સાધનો વાપરવામાં આવી રહ્યા છે. આ કોન્ટ્રાકટ અપાયેલો હોવા છતાં નગરપાલિકા વધારાના પોતાના ૧૧ વાહનો દ્વારા કચરો ઉપાડવાની કામગીરી અલગથી કરી તેનો ડિઝલ ખર્ચ, ડ્રાઇવર પગાર ખર્ચ, રીપેરીંગ ખર્ચ નગરપાલિકામાં પાડી કૌભાંડ આચરવામાં આવ્યું છે.

કઇ શરતોનો ભંગ થયો છે

સ્થાનિક ઓફિસ રાખવામાં આવી નથી. હેલ્થ એજ્યુકેશનના બેનર લગાવેલ નથી. સ્પીકર મારફતે કોઇ સૂચન આપવામાં આવેલ નથી. શેરી, મહોલ્લામાં હોર્ન, ઘંટડી વગાડવામાં આવતી નથી. લેબરના રક્ષણ માટે જરૂરી હેન્ડ ગ્લોઝ, ગમબુટ, એપ્રોન હેટ તેમજ યુનિફોર્મ આપવામાં આવતો નથી. ભીનો અને સૂકો કચરો અલગથી ઉઘરાવવામાં આવતો નથી. મરેલા ઢોર દરબાર વેસ્ટ કોર્પોરેશન ઉપાડતું નથી. નગરપાલિકાના કર્મચારીઓ ઉપાડે છે. કોન્ટ્રાકટરનો કોઇ કર્મચારી ફરિયાદો નોંધવા રાખવામાં આવ્યો નથી. સાધનો ઉપર જે – તે વિસ્તારના સુપરવાઇઝરનું નામ, મોબાઇલ નંબર લખવામાં આવેલો નથી. રોજે રોજ કચરો ઉપાડવામાં આવતો નથી.

અમને હજુ રજૂઆત મળી નથી : સતિશ એન. પટેલ (ચિફ ઓફિસર, નગરપાલિકા, પાલનપુર)

પાલનપુર નગરપાલિકા પ્રમુખ અને તત્કાલિન ચિફ ઓફિસર સામે થયેલા કૌભાંડના આક્ષેપો અંગેની કોઇ રજૂઆત હજુ સુધી અમને મળી નથી. જેથી આ બાબતે કંઇ કહેવું અયોગ્ય ગણાશે.

પાલનપુર વિદ્યા મંદિર પ્રાથમીક વિભાગમાં વિજ્ઞાન પ્રદર્શન યોજાયુ

બનાસકાંઠાના પાલનપુર વિદ્યામંદિર પ્રાથમીક શાળામાં ૨૮ ફેબ્યુઆરીના દિવસે નેશનલ સાયન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ૫૫૦ ઉપરાતના વિદ્યાર્થીઓએ જુદી-જુદી કૃતિઓ તૈયાર કરી હતી. પાલનપુર વિદ્યામંદિર પ્રાથમીક શાળા દ્વારા વિદ્યાર્થીઓમાં પડેલી શુસુપ્ત શક્તિઓને બહાર લાવવા તેમજ વિદ્યાર્થીઓને વિજ્ઞાનનું પાયાનું શિક્ષણ મળી રહે તે માટે ૨૮ ફેબ્યુઆરીના રોજ નેશનલ સાયન્સ ડે ની ઉજવણી કરવામાં આવે છે.તેજરીતે આજરોજ પાલનપુર વિદ્યામંદિર ટ્રસ્ટના નિયામક હસમુખભાઈ મોદીના માર્ગ દર્શન હેઠળ ધોરણ ૬થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનો વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ.જેમાં ગુજરાતી મીડીયમના ૫૫૦ વિદ્યાર્થીઓ પૈકી ૩૦૦ વિદ્યાર્થીઓએ તેમજ અંગ્રેજી માધ્યમના ૨૫૦ વિદ્યાર્થીઓ આમ કુલ ૫૫૦ વિદ્યાર્થીઓએ જુદી-જુદી કૃતિઓ તૈયાર કરી પ્રદર્શન માટે મુકવામાં આવી હતી.જેને વાલીઓ દ્વારા નિહાળવામાં આવી હતી.જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સહ પૂર્વક પ્રદર્શનમાં ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં શાળાના પ્રિન્સિપાલ, શિક્ષકો, વાલીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી પ્રદર્શન નિહાળ્યુ હતુ.

પાલનપુરના દાનાપુરામાં રિવર્સ આવી રહેલા ટ્રેકટર નીચે કચડાતા વૃદ્ધાનું મોત

પાલનપુર તાલુકાના દાનાપુરા ગામે કૌટુંબિક પૌત્રએ ટ્રેકટર રિવર્સ લેતી વખતે દાદીને કચડી નાખ્યા હતા. જેમનું સારવાર દરમિયાન મોત નિપજતાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

પાલનપુર તાલુકાના દાનાપુરા ગામના ૬૦ વર્ષીય વૃદ્ધા લક્ષ્મીબેન કરશનજી ઠાકોર તેમના ઘરના આંગણામાં વહેલી સવારે કચરો વાળી રહ્યા હતા. ત્યારે કૌટુંબિક પૌત્ર વિનોદજી લાખાજી ઠાકોરે પોતાનું ટ્રેકટર નંબર જી.જે.૦૮.બી.એચ. ૭૦૨૯ રિવર્સ વાળતી વખતે ગફલતભર્યું ડ્રાઈવિંગ કરી લક્ષ્મીબેનને કચડી નાખ્યા હતા.

જેમના માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જ્યાં પરિવારજનો દોડી આવ્યા હતા. અને તેણીને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન લાખ્મીબેનનું મોત નિપજ્યું હતું.

આ અંગે હરીજી કરશનજી ઠાકોરે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ટ્રેકટર ચાલક સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરમાં ખાનગી કંપનીના કર્મચારી દ્વારા ૪૨.૩૩ લાખની ઉચાપત

મહેસાણા સ્થિત એક કારની કંપનીની શાખા પાલનપુર તાલુકાના ચડોતર ખાતે કાર્યરત છે. જ્યાં એક કર્મચારીએ કારના ગ્રાહકો પાસેથી લીધેલા ઈન્સ્યોરન્સના રૂપિયા ૪૨.૩૩ લાખ કંપનીમાં જમા ન કરાવી ઉચાપત કરી હતી. આ અંગે તેમની સામે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મહેસાણા ખાતે આવેલી મારૂતિ સુઝુકી કાર કંપનીની એક શાખા પાલનપુર તાલુકાના ચડોતર ખાતે કાર્યરત છે. જ્યાં ઈન્સ્યોરન્સ મેનેજર તરીકે ફરજ બજાવતાં પાલનપુર અંબિકાનગરમાં રહેતા અમીત જગદીશભાઈ પ્રજાપતિ એ કારના ગ્રાહકો પાસેથી જૂની ગાડી ઓના વીમા રીન્યુ કરી કુલ રૂપિયા ૧,૩૮,૪૩,૦૨૮ રોકડા લીધા હતા.

જે રકમ માંથી રૂપિયા ૪૨, ૩૩, ૭૫૭ લાખ કંપનીમાં જમા કરાવ્યા ન હતા. દરમિયાન ઓડિટમાં આ ઉચાપત સામે આવતાં કંપનીએ નાણાં પરત લેવા માટે વારંવાર રૂબરૂ મળવાના તેમજ ફોન ઉપર સંપર્ક કરવાના પ્રયાસો કર્યા હતા. જોકે, અમિત પ્રજાપતિ ન મળતાં આખરે મહેસાણા સ્થિત કંપનીના જનરલ મેનેજર હિમાંશુ સુરેશભાઈ પટેલે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ડીસામાં રક્ષક જ બન્યા ભક્ષક

બે હોમગાર્ડઝ સહિત ત્રણ શખ્સોએ આચર્યું દુષ્કર્મ

ડીસાના નવા બસ સ્ટેશનની ઘટનાઃ લોકોના ટોળેટોળા ઉમટ્યા : જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓ દોડી આવ્યા

ડીસા શહેરના નવા બસ સ્ટેશનમાં શુક્રવારે વહેલી સવારે

અમદાવાદની ૩૦ વર્ષીય મહિલા સાથે ત્રણ શખ્સોએ દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી છે. જો કે દુષ્કર્મ આચરવાની ઘટનામાં પોલીસે બે હોમગાર્ડઝ સભ્ય સહિત ત્રણ વ્યક્તિઓની અટકાયત કરતા ચકચાર મચી જવા પામી છે.

અમદાવાદ ખાતે રહેતી ૩૦ વર્ષીય મહિલા તેમજ તેનો પ્રેમી ગુરૂવારે રાત્રે ૧૦ વાગ્યાના સુમારે અમદાવાદથી ડીસા બસ સ્ટેશનમાં આવ.યા હતાં. પરંતુ આ બન્નેને લાખણી તાલુકાના ધુણસોલ ગામે જવાનું હોવાથી રાત્રે બસ ન મળતા મહિલા તેમજ તેનો પ્રેમી ડીસા બસ સ્ટેશનમાં આરામ કરી રહ્યા હતા. તે દરમિયાન રાત્રીના ત્રણેક વાગ્યાના સુમારે ખાખી કપડાં માં આવેલ ત્રણ વ્યક્તિઓએ બંને જણાને પૂછપરછ કરી બસ સ્ટેશનમાં ચોરીની ઘટનાઓ બનતી હોઇ બહારના ભાગે બેસવાનું કહી રવાના કર્યા હતા. જો કે શુક્રવારે વહેલી સવારે સાડા પાંચેક વાગ્યાના સુમારે મહિલા તેમજ તેનો પ્રેમી નવા બસ સ્ટેશનમાં આવેલ હનુમાનજી મંદિર પાસેના બાંકડા ઉપર બેઠા હતા. જે દરમિયાન ખાખી કપડા પહેરીને આવેલ બે હોમગાર્ડઝ તેમજ અન્ય એક વ્યક્તિએ આવીને તમો ક્યાંથી આવો છો તેમજ પોલીસ સ્ટેશનમાં લઈ જવા પડશે તેવી કડક પુછપરછનું દબાણ ઉભું કરી હોમગાર્ડઝ જવાન સંજયભાઈ વસંતભાઈ દરજીએ મહિલાનો હાથ પકડી શોપિંગ સેન્ટરના ઉપર લઈ જાય મહિલા સાથે શારીરીક સંબંધ બાધ્યો હતો. જો કે તે પરત આવ્યા બાદ નવા બસ સ્ટેશનમાં જ ચાની કીટલી ધરાવતા પીરાભાઈ સેધાભાઈ ઠાકોર નામના યુવકે પણ મહિલા સાથે દુષ્કર્મ આચર્યુ હતુ. જો કે આ સમયે ભુરાજી ઓધારજી ઠાકોર નામના હોમગાર્ડઝ જવાને મહિલાના પ્રેમીને પોતાની પાસે બેસાડી રાખવા ઉપરાંત બન્ને પ્રેમી પંખીડાને આ અંગે કોઈને પણ જાણ કરીશ તો પોલીસમાં પકડાવી દેવાની ધમકી આપી હતી. આ અંગેની જાણ થતાં જ ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડયાં હતા. જો કે ડીસા શહેર ઉતર પોલીસે મહિલાની ફરીયાદના આધારે ત્રણેય શખ્સોને ઝડપી પાડી જેલ હવાલે કર્યા હતા. દુષ્કર્મની ઘટનાના પગલે જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ, ડીવાયએસપી આર.કે.પટેલ, ડીસા શહેર ઉત્તર પીઆઈ જે.વાય.ચૌહાણ સહિત પોલીસ સ્ટાફે ઘટના સ્થળ સહિતની મુલાકાત લઈ તપાસ હાથ ધરી છે.

કામ નહીં કરો તો જેલ થશે : સીડીપીઓની ધમકી સામે આંગણવાડી કાર્યકરોનો વિરોધ

બનાસકાંઠા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી લગાવી ન્યાયની ગુહાર

સરહદી બનાસકાંઠા જિલ્લાની આંગણવાડીઓમાં ફરજ બજાવતી કાર્યકર બહેનોને આઈ.સી.ડી.એસ સિવાયની વસ્તી ગણત્રીની કામગીરી આપવામાં આવી છે. અને જો તેઓ કામગીરી નહીં કરે તો ત્રણ માસની જેલની સજા

કરવાની સીડીપીઓએ ધમકી આપી હોવાના આક્ષેપો સાથે આંગણવાડી કાર્યકરોએ ઉગ્ર વિરોધ જતાવ્યો છે. આંગણવાડી કાર્યકરોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.

સરહદી બનાસકાંઠા જિલ્લાની આંગણવાડી કાર્યકરોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં જણાવાયું હતું કે, આંગણવાડીમાં ફરજ બજાવતી કાર્યકર બહેનોને આઈ સી ડી એસ સિવાયની વસ્તી ગણત્રીની કામગીરી આપવામાં આવી છે. અને જો આ કામગીરી નહીં કરવામાં આવે તો ત્રણ માસની જેલની સજા કરવાની સી ડી પી ઓએ ધમકી આપી છે. જેની સામે આંગણવાડી કાર્યકરોનો ઉગ્ર વિરોધ છે.

વસ્તી ગણત્રીના જે ફોર્મ આપવામાં આવ્યા છે. તેમાં પણ આ કાર્યકરોને કોઈ ગતાગમ પડતી નથી. અધિકારીઓ એક જ દિવસમાં કામગીરી પુરી કરવાની ફરજ પાડે છે. અને ધમકી પણ આપતા હોય છે. ત્યારે આ અંગે ઘટતી કાર્યવાહી કરવામાં આવે તેવી આંગણવાડી કાર્યકર બહેનોની માંગ છે.